Title-Code:-GUJGUJ18339

દર મંગળવારે વાંસદા તાલુકા થી પ્રસિધ્ધ થતું ચાર જિલ્લામાં ફેલાવો ધરાવતું નીડર સાપ્તાહિક

E-mail :gjdesinews@gmail.com
www.gjdesinewsvoiceofadivasi.com

# વોઈસ ઓફ આદિવાસી

તંત્રી–શૈલેશભાઈ વલ્લભભાઈ પટેલ
(સન ઓફ આદિવાસી)
Mo-79849 55304

નવસારી -તાપી -ડાંગ -વલસાડ

ગુજરાતી સાપ્તાહિક (નવસારી)
લીગલ એડવાઈઝર- મનીષ એસ. ભાવસાર

YEAR-2, ISSUE-20 (NAVSARI), DATE-07/10/2025 TUESDAY, EDITOR- SHAILESHKUMAR VALLABHBHAI PATEL, OFF- PATEL FALIYA, BARTAD (UNAI) VANSDA, DIST.-NAVSARI, GUJARAT. PAGE-04,Price-2/-

વર્ષ-૨, અંક-૧૯(નવસારી), તા. ૩૦/૦૯/૨૦૨૫ મંગળવાર, તંત્રી-શૈલેશભાઈ વલ્લભભાઈ પટેલ, ઓફીસ-પટેલ ફળીયા, બારતાડ(ઉનાઈ), વાંસદા, જીલ્લા- નવસારી, ગુજરાત, પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 વાંસદામાં દિવાળી પૂર્વે રોડ સમારકામ શરૂ:માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી

3 સમસ્ત આદિવાસી સમાજ SAS ચીખલી વાવાઝોડા અસરગ્રસ્તોની વહારે, ભાવભીના દ્રશ્યો જોવા મળ્યા

4 ડાંગ જિલ્લાના દાવદહાડ ગામમાં ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ ની તાલીમ યોજાઈ

### સાંસદ હોય તો ધવલભાઈ પટેલ જેવા (સાક્ષાત વિક્રમ રાજા જેવા)

## પોતાની પ્રજા પર કુદરતી આફ્ત આવી પડતા મુખ્યમંત્રી સમક્ષ રાહત પેકેજની માંગ કરાતા સાત દિવસની અંદર જ અસર દેખાઈ સાંસદશ્રી ની રજૂઆતના પગલે અસરગ્રસ્તોને ચુકવાશે સહાય



**વલસાડ, કિરણ પટેલ -** વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલનીધાર દાર રજૂઆતની અસર ને પગલે સાત દિવસની અંદરજ રાહત પેકેજની જાહેરાત. ભારે વરસાદ અને મીની વાવાઝોડું માં ભોગ બનેલા અસરગ્રસ્તોને ચૂકવાશે સહાય. વાવાઝોડું દરમિયાન પોતાના મત વિસ્તારમાં મુલાકાત કરી સાંસદે રાહત પેકેજની કરી હતી માંગ. સાંસદ ધવલ પટેલે અસરગ્રસ્ત વિસ્તારોમાં મુલાકાત લઈ પરિસ્થિતિ નો તાગ મેળવી મુખ્યમંત્રી ને લખ્યો હતો પત્ર વલસાડ અને વાંસદા તાલુકાના સિંધાઈ મા થયું હતું વ્યાપક નુકશાન. રાજય સરકાર દ્વારા અસરગ્રસ્તોને આવતીકાલે ચૂકવાશે સહાય. સરકારના નિર્ણયને લઈ અસરગ્રસ્તો એ મુખ્યમંત્રી અને સાંસદ ધવલ પટેલનો આભાર વ્યક્ત કર્યો. સાંસદ ધવલ પટેલે પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સરકારનો માન્યો આભાર.

### વલસાડ જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા

## માર્ગોની સુધારણા કામગીરી હાથ ધરાઈ ભારે વરસાદને કારણે માઈનોર સરફેસ ડેમેજ થવાથી માર્ગોને નુકસાન થયું હતું




**ડામર પેચવર્ક, જંગલ કટીગ, ગેરું ચૂનો સાથે માર્ગની સપાટી દુરસ્ત કરી રાહદારી- વાહન ચાલકો માટે સુગમ્ય બનાવાઈ રહ્યા છે**

**વલસાડ, કિરણ પટેલ -** વલસાડ જિલ્લામાં ચોમાસા દરમિયાન નુકશાન પામેલા માર્ગોની સુધારણાના કાર્યો તેમજ જંગલ કટીંગ, ગેરુ અને ચૂનોની કામગીરી વરસાદે વિરામ લેતા જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

રાજયના ચેરાપુંજી તરીકે ઓળખાતા કપરાડા, ધરમપુર વનાચ્છાદિત વલસાડ જિલ્લામાં પડેલા અનરાધાર વરસાદને કારણે માઈનોર સરફેસ ડેમેજ થવાથી માર્ગોને નુકસાન થયું હતું. આ માર્ગો પૂર્વવત કરવા જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા નુકશાન પામેલા માર્ગોની સુધારણાના કાર્યો હાથ ધરાયા છે. ચોમાસા બાદ હાથ ધરાયેલા માર્ગ સુધારણાના આ કાર્યનો પ્રારંભ જિલ્લાના મુખ્ય મથકને જોડતા તેમજ અંતરિયાળ વિસ્તારના માર્ગોથી કરવામાં આવ્યો છે. અહીં ડામર પેચવર્ક, જંગલ કટીંગ, ગેરું ચૂનો સાથે માર્ગની સપાટી દુરસ્ત કરી તેને રાહદારીઓ અને વાહન ચાલકો માટે સુગમ્ય બનાવવામાં આવી રહ્યા છે.

વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી ભાવેશ પટેલે જણાવ્યું કે, રાજય સરકારે તમામ ક્ષતિગ્રસ્ત માર્ગોના મરામતની આપેલી સૂચના બાદ વલસાડ જિલ્લા પંચાયત હસ્તકના માર્ગો ઉપર ડામર પેચવર્કની કામગીરીનો આરંભ કરી દેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં જિલ્લા પંચાયત હસ્તકના તમામ ગ્રામીણ માર્ગોનું દુરસ્તી કાર્ય જારી રહેશે.

ધરમપુર તાલુકામાં હાથ ધરાયેલા ૧૮ રસ્તાની કામગીરી- (૧) ખટાણા એપ્રોચ રોડ તા.ધરમપુર, (૨) બારોલીયા તીસ્કરી ફલધરા રોડ તા. ધરમપુર(૩)કાકડકૂવા ફુલવાડી રોડ તા.ધરમપુર, (૪) આસુરા બામટી.

## વલસાડ પુસ્તક પરબના ૪૭ માં મણકો વલસાડ શહેર ની બે જગ્યા એ યોજાયો



**વલસાડ શહેરની બે જાહેર જગ્યા સર્કિટ હાઉસની સામે અને અબ્રામા એસ. ટી. વર્કશોપની સામે ક્રોમા પાસે ફૂટપાથ રવિવારે સવારે યોજાયો**

**વલસાડ, કિરણ પટેલ -** કિરણ પટેલ વલસાડ પુસ્તક પરબનો ૪૭ મો મણકો વલસાડ શહેરની બે જાહેર જગ્યા સર્કિટ હાઉસની સામે અને અબ્રામા એસ. ટી. વર્કશોપની સામે ક્રોમા પાસે ફૂટપાથ રવિવારે સવારે યોજાયો હતો. પ્રોજેક્ટ ચેરપર્સન ડો. આશા ગોહિલ, હાર્દિક જી.પટેલ, દિલીપભાઈ દેસાઈ, સુનિતા ઢીમર, સૌરભ પટેલ, ટીના પટેલ, હિતેશ પટેલ, પ્રિયાંક પટેલ દ્વારા આયોજિત થયો હતો. કપરાડાથી મહેશભાઈ ગાંવિત, વિલ્સન મેકવાન, તેજલ પાડવી, રાધિકા ચિહલા, અમન ગોહિલ, દોલતભાઈ દેસાઈ તથા વાચકોની સેવાનો લાભ મળ્યો હતો. ૩૨૯ પુસ્તકો વાંચકો લઈ ગયા હતા. મોટી સંખ્યામાં વહેલી સવારે વાંચકોની મુલાકાત લીધી હતી.

પુસ્તક પરબની મુલાકાતે આવેલા વાચકોએ પુસ્તક પરબ વલસાડની ટીમને આ કાર્યક્રમ નિયમિત અને સમયસર ચલાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## જીજે દેશી ન્યુઝ ચેનલ પંચાયત થી પાર્લામેન્ટ સુધી પહોચશે -કથાકાર પ્રફુલ શુક્લ

### અત્યારના સમયમાં ડિજિટલ મીડિયા સમાજનો મુખ્ય સ્તંભ છે નિનેશ ભાભોર પ્રચાર અધિકારી








**ઉનાઈ -** ઉનાઈ ખાતે આજે વોઇસ ઓફ આદિવાસી ના તંત્રી શૈલેશભાઈ પટેલ દ્વારા દેશી ન્યૂઝ અને ગુજરાત વાઈલ્ડ ટીવી ચેનલનું જીયો એર ફાયબર મા ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે કથાકાર પ્રફુલભાઈ શુક્લ અને ગાંધીનગરથી પધારેલા પ્રચાર પ્રસાર અધિકારી શ્રી ભાભોર સાહેબના હસ્તે ચેનલ લોન્ચ કરવામા આવી

વાંસદા-પ્રફુલભાઈ શુક્લે આશીર્વાદરૂપ પ્રવચનમાં જણાવ્યું કે, શૈલેશભાઈએ આદિવાસી સમાજના હિતમાં શરૂ કરેલી આ ચેનલ એક પંચાયત વિસ્તારમાથી શરુ થયેલ એક યુટીયુબ ચેનલ માથી આજે જીયો એર ફાયબર અને ૧૦ ઓટીટી અને આઈપીટીવી પર આજે ગુજરાત અને ભારતમા જોવાય છે ત્યારે પ્રફુલભાઈ શુક્લ એ કહયુ પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી પોતાની ઓળખ બનાવશે. આ ચેનલ માત્ર સમાચાર નહીં, પણ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાના જતન માટેનું માધ્યમ બનશે.

ગાધીનગર થી આવેલ નિનેશ ભાભોર સાહેબે પણ શૈલેશભાઈના પ્રયાસોની પ્રશંસા કરતાં કહ્યું કે, આ યુગમાં ડિજિટલ મીડિયા એ સમાજના વિકાસનો મુખ્ય સ્તંભ છે. આદિવાસી વિસ્તારના યુવાન દ્વારા શરૂ થતી આવી ચેનલ આખા સમાજ માટે ગૌરવની બાબત છે.

કાર્યક્રમમાં ચાર જીલ્લાના ૨૦ જેટલા સરપંચો ઉપસ્થિત રહયા, ૪૦ જેટલા પત્રકાર મિત્રો અને આદિવાસી આગેવાન કમલેશભાઈ પટેલ ધરમપુરથી લાલસિંગભાઇ ગામીત વાલોડ, ઇશ્વરભાઇ પટેલ ઉનાઈ, ભિનાર સરપંચ ઉનાઈ સરપંચશ્રી ઉપસ્થિત રહ્યા હતા. સૌએ શૈલેશભાઈ પટેલ અને જીજે દેશી ન્યૂઝ ની ટીમને શુભેચ્છાઓ પાઠવી અને ચેનલના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી.

પ્રફુલભાઈ શુક્લે અંતમાં જણાવ્યું કે વોઇસ ઓફ આદિવાસીના માધ્યમથી આદિવાસી વિસ્તારના પ્રશ્નો, સંસ્કૃતિ અને યુવાશક્તિના ઉત્થાનની વાર્તાઓ હવે સમગ્ર ગુજરાત અને દેશમાં પહોચશે. ઉનાઈની ધરતી પરથી શરૂ થયેલી આ અનોખી મીડિયા ચેનલ હવે આદિવાસી સમાજના સશક્તિકરણનું નવું પ્રતિક બની રહી છે. અને જેમ પ્રફુલભાઈએ કહ્યું, આ ચેનલ પંચાયતથી પાર્લામેન્ટ સુધી પહોચશે.

### ચોમાસા માં વાંસદાના રોડ પર વાહન ચાલકો ખાડાથી પરેશાન

## વરસાદ બંધ થતાની સાથેજ ધૂળની ઉડતી ડમરીથી વાહન ચાલકો પરેશાન પણ અધિકારીઓ ઘોર નિંદ્રામાં



**વાંસદા, ઉનાઈ -** વાંસદા, ઉનાઈ હાઇવે ૫૬ ની હાલત ચોમાસા દરમિયાન ચંદ્રના સપાટી જેવી હતી અને હવે મંગળના ગ્રહ ઉપર ઉડતી ધૂળની ડમરી જેવી છે વાહન ચાલકોને ચોમાસા દરમિયાન ચંદ્રની સફર અને વરસાદ બંધ થતાની સાથે જ મંગળની સફર કરતા હોય એવો અનુભવ થઈ રહ્યા છે. હાઇવે ૫૬ ના અધિકારીઓ ચોમાસુ પૂર્ણ થતાની સાથે જ રોડનું કામકાજ શરૂ થશે એવી બાજરી આપી હતી પણ વરસાદ બંધ થાય અને ઘણા દિવસો વિતવા છતાં પણ રોડના કામકાજ શરૂ થયા નથી ધૂળની ડમરી ઉડવાના કારણે કેટલાય વાહનો ને અકસ્માત નડિયા છે વાંસદા થી ઉનાઈ રોડ ની હાલત એવી છે.

ક્યાંય નેતાઓ પણ જયારે આવે છે ત્યારે આજુબાજુના ગામડાના રોડ ઉપરથી આવે છે મુખ્ય રસ્તા ઉપર થી કોઈ આવતું નથી. હાઇવે ૫૬ આજુબાજુના લોકોની એવી હાલત છે કે દરેક ઘરની બહાર પ્લાસ્ટિક થી ઢાંકી દેવામાં આવ્યા છે દુકાનને પ્લાસ્ટિક થી ઢાંકી દેવામાં આવી છે જેથી કરીને ધૂળની ડમરીઓ એમના દુકાન અને મકાનમાં ન જાય રોડ ઉપરથી પસાર થાવ મોટા વાહનો પસાર થાય છે ત્યારે ધૂળની ડમરીઓ એટલી ઉડે છે. કે જાણે કોઈ ફિલ્મ શૂટિગ ચાલતું હોય અને અને ધુમ્મસ યુ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હોય તેવો અહેસાસ થાય છે. આધુનિક ડમરીના કારણે માણસોના સ્વાસ્થ્યને પણ ખૂબ જ નુકસાન છે જયારે મોટર સાયકલ પર સફર કરતા લોકોની હાલત એકદમ ગંભીર બની જતી હોય છે. ધૂળની ડમરીમાં એમને વાહન ચલાવવાની ખૂબ જ તકલીફ પડતી હોય છે. જેને વાહન ચાલકોમાં પણ ખૂબ રોષ જોવા મળી રહ્યો છે.

## ગલકુંડ થી કાંચનઘાટ માર્ગ પર ખાડાઓનું સામ્રાજય લોકોએ વહેલી તકે સમારકામની કરી માંગ





**ડાંગ, બ્યુરો ચીફ -મનોજ પવાર:** જિલ્લાનાં ગલકુંડથી કાંચનઘાટ સુધીનો મુખ્ય માર્ગ હાલ અત્યંત દયનીય હાલતમાં છે. રસ્તા ઉપર એવા મોટા ખાડા પડી ગયા છે કે જાણે કોઈ પરમાણુ બોમ્બનો પરિક્ષણ અહીં થયું હોય તેમ લાગે છે.

આ માર્ગ ગલકુંડથી સીધો મહારાષ્ટ્ર રાજયને જોડે છે અને વચ્ચે પીપલપાડા, ઉમર્યા, વાંકી, આંબાળીયા તથા વનાર જેવા અંતરિયાળ ગામો આવેલાં છે. આ વિસ્તારોના રહેવાસીઓ રોજિંદા આવાગમનમાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વરસાદી મોસમ બાદ રસ્તાની હાલત વધુ ખરાબ બની ગઈ છે, જેના કારણે વાહનચાલકો તથા સ્કૂલ જતાં વિદ્યાર્થીઓને તકલીફનો સામનો કરવો પડે છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે હાલની સ્થિતિ એવી છે કે સમયસર એમ્બ્યુલન્સ જેવી તાત્કાલિક સેવાઓ પણ ગામ સુધી પહોચી શકતી નથી. જોકે ધારાસભ્ય દ્વારા આ માર્ગને આયોજનમાં લઇ ફંડ ફાળવી દેવાયું છે અને નિર્ધારિત સમયગાળામાં માર્ગના નિર્માણનું કાર્ય પૂર્ણ કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે.

પરંતુ, ત્યાં સુધી પ્રાથમિક અવરજવર માટે ખાડાઓનું તાત્કાલિક સમારકામ થાય તે અત્યંત આવશ્યક છે. લોકોની રોજિંદી હાલાકી દૂર થાય અને વાહનવ્યવહાર સરળ બને તે માટે સ્થાનિકોએ સરકારને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે.

DATE-07/10/2025
TUESDAY

વોઈસ ઓફ આદિવાસી
ગુજરાતી સાપ્તાહિક (નવસારી)

VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

# વાંસદામાં દિવાળી પૂર્વે રોડ સમારકામ શરૂ:માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી



**નવસારી-** રાજય સરકારની તાકીદ બાદ સમગ્ર રાજયમાં ચોમાસામાં ખરાબ થયેલા રોડ રસ્તાઓના સમારકામ અને પેચવર્કની કામગીરી વેગવંતી બની છે. દિવાળીના તહેવાર પહેલા પ્રજાને સુવિધા મળી રહે તે હેતુથી વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ અંતર્ગત, પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, વાંસદા દ્વારા પણ તાલુકાના વિવિધ માર્ગો પર સમારકામનો ધમધમાટ શરૂ કરાયો છે.


વિભાગ દ્વારા મહુવાસ થી સરા રોડ, મોટીભમતી, ગોધાબારી થી સરા રોડ, દોલધાના કેશવગીરી ફળિયા થી ગણેશ ફળિયા થઈ કંબોયા ચાર રસ્તા સુધીનો રોડ, પ્રતાપનગર થી વાંદરવેલા રોડ અને સરા થી પદમડુંગરી રોડ જેવા મુખ્ય માર્ગો પર પેચવર્ક અને રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં ૫ રોલર, ૧ પેવર મશીન અને ૫૦ મજૂરો સહિતની અદ્યતન મશીનરી અને મોટી સંખ્યામાં માનવબળ કામે લાગ્યું છે.

રોડ સમારકામની સાથે સાથે માર્ગો પર ગેરૂ-ચૂનો, કલરકામ, સાઈડ પરના ઝાંખરા અને જંગલ કટિંગની કામગીરી પણ પ્રગતિમાં છે. નાની વાલઝર થી પાલગભાણ રોડ, રૂપવેલના દેસાઈ ફળિયા થી મહુડી ફળિયા, ઉકાઈ કેનાલ થઈ કંબોયા જોઈનિંગ રોડ, વાંસદા સ્મશાનગૃહ થી હનુમાનબારી રોડ અને પ્રતાપનગર થી વાંદરવેલા રોડ જેવા માર્ગો પર આ કામગીરી ચાલી રહી છે. આ માટે ૪ જેસીબી મશીન, કટર મશીન અને ૬૦ મજૂરો તૈનાત કરાયા છે, જેથી વાહનચાલકો માટે વિઝિબિલિટી સ્પષ્ટ બને અને મુસાફરી સુરક્ષિત રહે.

આ કામગીરીથી સ્થાનિક રહીશો અને વાહનચાલકોને મોટી રાહત મળશે અને તહેવારો દરમિયાન અવરજવર સુગમ બનશે. વિભાગ દ્વારા આ કામગીરી ત્વરિત ગતિએ પૂર્ણ કરવા માટે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# પલસાણાના વરેલી ગામે AHP-રાષ્ટ્રીય બજરંગ દળ કાર્યાલયનું ઉદ્ઘાટન

## પ્રવીણ તોગડિયાની હાજરીમાં 'જય શ્રી રામ'ના નાદ સાથે સમારોહ યોજાયો



**બારડોલી-** પલસાણા તાલુકાના વરેલી ગામે અંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળના કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના પૂર્વ આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ અને હાલમાં અંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રમુખ ડો. પ્રવીણ તોગડિયા ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્દ્ઘાટન સમારોહ દરમિયાન 'જય શ્રી રામ'ના બુલંદ જયઘોષ સાથે વાતાવરણ ઉત્સાહપૂર્ણ બન્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, જેમાં સ્થાનિક નાગરિકો, સંગઠનના કાર્યકરો અને સમર્થકોનો સમાવેશ થાય છે.

આ કાર્યાલયની સ્થાપના થકી અંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળની પ્રવૃત્તિઓને આ વિસ્તારમાં વધુ મજબૂતી મળશે. સંગઠનના હેતુઓ અને ભાવિ યોજનાઓ વિશે પણ આ પ્રસંગે ચર્ચા કરવામાં આવી હતી.

## ધારીની ખરીદીમાં ભારે ધસારો જોવા મળ્યો

# સુરતની જેમ હવે નવસારીમાં પણ ઘારીનો ક્રેઝ વધ્યો, ૮૦૦ કિલોથી વધુ ઘારી વેચાવાની સંભાવના




**નવસારી-** દિવાળીના તહેવારોની શરૂઆત સાથે જ સુરતની પ્રખ્યાત વાનગી ઘારીની પરંપરા હવે પડોશી શહેર નવસારીમાં પણ પ્રચલિત બની રહી છે. સુરતની જેમ જ નવસારીના લોકો પણ ચંદની પડવાના દિવસે ઘારી અને ભૂસું ખાવાની પરંપરા અપનાવી રહ્યા છે. શહેરમાં ઘારીની ખરીદીમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે અને આ વર્ષે નવસારીમાં અડધા કરોડ રૂપિયાની કિંમતની આશરે ૭૦૦ થી ૮૦૦ કિલો ઘારી વેચાવાની સંભાવના છે.

નવસારીની મીઠાઈની દુકાનોમાં તૈયાર મળતી ઘારી ઉપરાંત, ગ્રાહકો હવે પોતાની પસંદગી મુજબ સ્પેશિયલ ઓર્ડર આપીને પણ ઘારી બનાવડાવી રહ્યા છે. આ વર્ષે ઘારીના ભાવમાં ૨૦ રૂપિયાનો નજીવો વધારો જોવા મળ્યો છે, અને હાલમાં ઘારી ૭૭૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે.

શહેરીજનોમાં પરંપરાગત ઘારીની સાથે સાથે વિવિધ ફ્લેવર્સવાળી ઘારીનો પણ ક્રેઝ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને, બદામ અને પિસ્તાના ભરપૂર મિશ્રણવાળી ઘારી નવસારીના લોકોમાં સૌથી વધુ લોકપ્રિય બની છે. નવસારીમાં બનતી ઘારીની ગુણવત્તા અને સ્વાદને કારણે તેની માંગ હવે માત્ર સ્થાનિક સ્તરે જ સીમિત નથી રહી. અહીંની સ્વાદિષ્ટ ઘારી હવે અમદાવાદ, મુંબઈ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં પણ મોકલવામાં આવી રહી છે.

તહેવારોની મોસમમાં ઘારીની આ વધતી જતી લોકપ્રિયતા સ્થાનિક વેપારીઓ માટે સારો વ્યાપાર લાવી રહી છે. ગત વર્ષ કરતા આ વખતે ઓર્ડર વધ્યા છેલ્લા બે વર્ષથી ઘારીનું પ્રમાણસર વેચાણ જોવા મળી રહ્યું છે. ગત વર્ષે પણ મારા મત મુજબ ૫૦૦ કિલોથી વધુનું વેચાણ થયું હતું. જે અત્યાર સુધીમાં સૌથી વધુ હોવાનો અંદાજ છે. આ વર્ષે પણ લોકોનો ઘારી પ્રત્યેનો ક્રેઝ જોતા આ આંકડો પણ ચાલુ વર્ષે પાર કરી જશે.ગત વર્ષ કરતા આ વખતે ઓર્ડર પણ વધ્યા છે.

# નવસારી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ધો-૩ થી ૮ ના છાત્રોની ૬ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન પરીક્ષા



**નવસારી-**નવસારી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ધો.૩થી ૮ના વિદ્યાર્થીઓની આજે સોમવારથી પ્રથમ પરીક્ષાનો પ્રારંભ થઇ રહ્યો છે. જિલ્લાની કુલ-૬૫૦ પ્રા.શાળાઓમાં અભ્યાસ કરતા ૪૭,૮૫૧ છાત્રો આ પરીક્ષામાં ભાગ લેશે. નવસારી જિલ્લા શિક્ષણ વિભાગે પરીક્ષાને લગતી તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

નવસારી જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ધો. ૩ થી ૫માં અભ્યાસ કરતા છાત્રોની પ્રથમ પરીક્ષાનું પ્રશ્નપત્ર ૪૦ ગુણનું રહેશે. જયારે તેમને લખવા માટેનો સમય ૨ કલાકનો છે. એજ રીતે ધો. ૬ થી ૮માં અભ્યાસ કરતા છાત્રોનું પ્રશ્નપત્ર ૮૦ ગુણનું અને સમય ૩ કલાકનો રહેશે.

પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮માં અભ્યાસ કરતા બાળકો માટે પ્રથમ સત્રાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ જૂન માસથી લઈને સપ્ટેમ્બર માસ સુધીનો નક્કી કરવામાં આવ્યો છે. જીસીઈઆરટી એ નક્કી કરેલ કાર્યક્રમ અનુસાર ધોરણ ૩ થી ૮માં પ્રથમ સત્રાંત પરીક્ષા ૬ ઓક્ટોબરથી શરૂ થઈ ૧૩ ઓક્ટોબરને સોમવારના રોજ પૂર્ણ થશે.

ચીખલી અને ખેરગામ તાલુકા સહિત નવસારી જિલ્લામાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં પ્રથમ સત્રાંત પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને ખંડ નિરીક્ષકથી લઈને તમામ પ્રકારની પરીક્ષા લક્ષી કામગીરી યોગ્ય રીતે પૂર્ણ થાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ અને ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય અલગ અલગ રાખવામાં આવ્યો છે.

જેમાં શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે સવારના ૧ થી ૧નો જયારે ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય બપોરે ૨ થી ૫નો રાખવામાં આવ્યો છે. શનિવારના રોજ માત્ર ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે જ પરીક્ષા રાખવામાં આવી છે.

૬ ઓક્ટોબરને સોમવારના રોજ ધોરણ ૬ થી ૮માં સામાજિક વિજ્ઞાન, ૭ ઓક્ટોબરને મંગળવારના રોજ ધોરણ ૩ થી ૫માં સવારે ૧૧ થી ૧ દરમ્યાન ગુજરાતી અને ધોરણ ૬ થી ૮ બપોરે ૨ થી ૫માં ગુજરાતી, તા.૮ ઓક્ટોબર બુધવારના રોજ ધોરણ ૩ થી ૮માં ગણિત, તારીખ ૯ ઓક્ટોબરને ગુરૂવારના રોજ ધોરણ ૫ થી ૮માં હિન્દીની પરીક્ષા છે.

તારીખ ૧૦ ઓક્ટોબરના શુક્રવારના રોજ ધોરણ ૩ થી ૫માં પર્યાવરણ અને ધોરણ ૬ થી ૮માં વિજ્ઞાન અને ટેક્નોલોજી, તારીખ ૧૧ ઓક્ટોબરને શનિવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમિયાન ધોરણ ૬ થી ૮ સંસ્કૃત, તારીખ ૧૩ ઓક્ટોબરને સોમવારના રોજ ધોરણ ૩ થી ૮માં અંગ્રેજી વિષયની પરીક્ષા યોજાશે.

# મલિયાધારા ગામેથી રૂ.૭ લાખના દારૂ અને મુદ્દામાલ સાથે એક ઝબ્બે



**ચીખલી-** ચીખલી પોલીસ મથકે થી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી પોલીસના પીએસઆઇ- એફ.એચ.પટેલ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન ખાનગી બાતમીના આધારે તાલુકાના મલિયાધારા કુવા ફળીયા પાસે વોચ ગોઠવતા બાતમી મુજબની હૂંડાઇ આઇ-૨૦ કાર નં:જીજે-૧૫-સીએફ-૯૭૫૩ આવતા જેને રોકી તલાસી લેતા અંદરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ-૧૧૪૦ કિં.રૂ.૩,૦૯,૧૨૦, કારની કિં.રૂ.૪ લાખ,એક મોબાઇલ મળી કુલ્લે રૂ.૭,૧૪,૧૨૦ ના મુદ્દામાલ સાથે કાર ચાલક જયનીશ ગમનભાઇ ભંડારી (ઉ.વ-૪૧,રહે. ભદેલી જગાલાલા,શીત તળાવ તા.જી વલસાડ) ની ધરપકડ કરી હતી.

જયારે દારૂના જથ્થા ભરી આપનારને મંગાવનાર બંને અજાણ્યા શખ્સોને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી પો.કો-જયપાલસિંહ બળવંતસિંહ ની ફરિયાદમાં વધુ તપાસ પીએસઆઇ-બી.સી.ગઢવી કરી રહ્યા છે. નવસારી જિલ્લામાંથી દારૂની હેરાફેરી અટકાવવા જિલ્લા પોલીસ સતત પ્રયત્નશીલ રહી છે કોઇને કોઇ રીતે બુટલેગરો દારુનો વેપલો કરતા મળી રહ્યાં છે. ત્યારે પોલીસ કડકાઇ દાખવે તે જરૂરી બન્યું છે.

# નવસારી રેડક્રોસે વાવાઝોડાથી અસરગ્રસ્ત ગામોમાં 300 થી વધુ રાહત કીટ પહોચાડી

**નવસારી-**નવસારી જિલ્લાના ચીખલી અને વાંસદા તાલુકામાં આવેલા વાવાઝોડામાં અનેક ગામોમાં તારાજી સર્જી હતી, ઘણા પરિવારોના કાચા મકાન અને ઘરોને મોટાપાયે નુકસાન થયું છે, લગભગ તમામ ઘરવખરીનો સામાન નાશ પામ્યો હતો, ત્યારે નવસારી જિલ્લા રેડક્રોસ સંસ્થા દ્વારા ગુજરાત રાજય રેડક્રોસ શાખાના સહયોગથી વાવાઝોડામાં નુકશાન થયેલા પરિવારોને મદદરૂપ થવા ઘરે ઘરે પહોંચી છે.

જેમાં વાંસદા તાલુકાનું ઉનાઈ પાસે આવેલ સિણધઈ ગામમાં ૧૩૬થી વધુ પરિવાર, ચીખલી તાલુકાના કસ્બા ગામમાં ૪૩થી વધુ પરિવારને, તલાવચોરા સામળા ફળિયામાં ૩૫થી વધુ પરિવારો જયારે તલાવચોરા ગામમાં ૩૬થી વધુ પરિવારો, બારોલીયા મંદિર ફળિયામાં ૩૩ પરિવારો અને ખૂંધ ગામમાં ૩૫ જેટલા પરિવારોને તેમના સ્થળે જઈ તાડપત્રી, ચાદર, ધાબળા, ડોલ સાથે કિચન સેટ અને હાઈજીન કીટ, વગેરે પહોચાડવામાં આવી હતી.

નવસારી જિલ્લા રેડક્રોસના માનદ મંત્રી ડો.ધર્મેશ કાપડિયા જણાવ્યું હતું કે, હાલ ગુજરાત રાજય શાખા તરફથી ૫૦૦જેટલી કીટ મળેલ છે અને અસરગ્રસ્ત વિસ્તારોનો સર્વે કરી જરૂરીયાતમંદ સુધી જરૂરી સામગ્રી પહોચાડી રહ્યા છે. ચેરમેન તુષારકાંત દેસાઈએ જણાવ્યુ હતું કે, રેડક્રોસ નવસારીના સ્વયંસેવકો જિલ્લામાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં જયારે જયારે કોઈપણ પ્રકારની હોનારત આવે છે તે સમયે અગ્રેસર રહી માનવતાની સેવા કરે છે જે બિરદાવવા યોગ્ય છે.

# વડોલી મંદિરમાં દાનપેટી તોડવાનો પ્રયાસ, બે ઝડપાયા:ગ્રામજનોએ બન્નેને રંગેહાથ પકડી મરોલી પોલીસને સોપ્યા, ગુનો નોધાયો



**નવસારી-** જલાલપોર તાલુકાના વડોલી ગામે આવેલા ખોડિયાર માતાના મંદિરમાં શનિવારે બપોરના સમયે બે શખ્સોએ દાનપેટી તોડવાનો પ્રયાસ કર્યો હતો.જોકે, સ્થાનિક જાગૃત નાગરિકની સતર્કતાને કારણે બંને આરોપીઓને રંગેહાથ પકડી મરોલી પોલીસને હવાલે કરવામાં આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડોલી ગામના પટેલ ફળિયામાં રહેતા ૭૩ વર્ષીય નિવૃત્ત નગીનભાઈ વલ્લભભાઈ પટેલે મરોલી પોલીસ મથકે નોધાવેલી ફરિયાદ મુજબ, શનિવારે બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. દિવસ દરમિયાન મંદિરના દરવાજા ખુલ્લા રહેતા હોવાનો લાભ ઉઠાવી, બે અજાણ્યા શખ્સોએ ચોરી કરવાના ઇરાદે મંદિરમાં પ્રવેશ કરી દાનપેટી ખોલવાનો પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન નગીનભાઈ મંદિરે પહોંચતા બંને શખ્સોને દાનપેટી સાથે ચેડાં કરતા જોઈ ગયા હતા. તેમણે બૂમાબૂમ કરતા આરોપીઓએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નગીનભાઈએ હિંમતભેર તેમનો પીછો કરી સ્થાનિકોની મદદથી બંનેને પકડી પાડ્યા હતા.

પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરતા તેમની ઓળખ વિજલપોરના સુમિત્રાનગર ખાતે રહેતા સતીષભાઈ પ્રભાકર સરશે અને નવસારીના તિઘરા રોડ સ્થિત અલીફનગરના રહેવાસી સમીર સલીમ ઈરાની તરીકે થઈ હતી.

ઘટનાની જાણ થતાં મરોલી પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને બંને આરોપીઓની અટકાયત કરી હતી. મરોલી પોલીસે નગીનભાઈ પટેલની ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૬૨ અને ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર ડી. જે. પટેલ ચલાવી રહ્યા છે.

**દિવસ દરમિયાન મંદિરના દરવાજા ખુલ્લા રહેતા હોવાનો લાભ ઉઠાવી, બે અજાણ્યા શખ્સોએ ચોરી કરવાના ઇરાદે મંદિરમાં પ્રવેશ કરી દાનપેટી ખોલવાનો પ્રયાસ કર્યો હતો.**

# રોશનીથી ઝગમગી ઉઠ્યું તાતા તળાવ:તાતા તળાવનું બ્યુટિફિકેશન થતા રોશનીનો ઝગમગાટ



નવસારી- નવસારીના મધ્યમાં આવેલ ટાટા તળાવનું બ્યુટિફિકેશનની કામગીરી કરવામાં આવતા દિવાળી પહેલા જ તેની ફરતે લાઇટનો ઝગમગાટ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં રાહદારીઓ માટે બેસવાની વ્યવસ્થાથી લઇને લાઇટ શો સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. બાળકો માટે પણ ત્યાં રમત ગમતના સાધનો ઉભા કરાવવાની વ્યવસ્થા કરાઇ છે.

જેને લઇને અગાઉ સૂમસામ જણાતો વિસ્તાર લોકો માટે હવે એક નવા પ્રકારના અહેસાસ સાથે લોકોને હરવા ફરવા માટે પણ મહત્વનું સ્થળ બન્યું છે.

# જેસીગપુર ગામે મુખ્ય પ્રા. શાળામાં નેત્ર શિબિરમાં ૧૪૯ દર્દીની તપાસ



વાંસદા- સીતાપુર શુભમ નેત્રસેવા ટ્રસ્ટ દ્વારા જેસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં નેત્ર શિબિરનું આયોજન કરાયું હતું. આ નેત્ર શિબિર દુર્ગાબા પરિવાર-ઉમરા, સ્વ. તથા એલાયન્સ ક્લબ ઓફ સેવન સ્ટાર, સુરતના આર્થિક સહયોગથી યોજાઇ હતી.

આ શિબિરનું ઉદઘાટન ડિસ્ટ્રિક્ટ ગવર્નર એલાય નરેશ પારેખ, એલાય પ્રમુખ અનિલભાઈ સોરઠિયા, યોગેશભાઈ શાહ, જ્યોતિબેન શાહ, પ્રોજેક્ટ ચેરમેન જયંતિભાઈ પ્રજાપતિ તેમજ સભ્યો, સરપંચ ધવલભાઈ ચૌધરી, શાળાના આચાર્ય મહેશભાઇ ગામીત તથા ટ્રસ્ટના ટ્રસ્ટી અક્ષાણીકુમાર ચરીવાલા, ડો. શ્રુતિબેન પટેલ, કર્મચારી કૃણાલભાઈએ કર્યું હતું.

આ શિબિરમાં ૧૪૯ દર્દીની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૩૯ મોતીયાના ઓપરેશનવાળા દર્દીઓને નિ:શુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે. જરૂરિયાતમંદોને ૧૦૦ ચશ્મા અને ૯ દર્દીને ૯ નિ:શુલ્ક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

DATE-07/10/2025
TUESDAY

# વોઈસ ઓફ આદિવાસી

ગુજરાતી સાપ્તાહિક (નવસારી)

VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

## તંત્રી લેખ...



તંત્રી–શૈલેશભાઈ વી.પટેલ
(સન ઓફ આદિવાસી)

### યુવા કાર્યબળને તાલીમ સાથે રોજગારની તકો પણ ઉપલબ્ધ બનાવવા સરકારની જવાબદારી

દેશની જંગી લોકસંખ્યાને નજર સામે રાખીને મેક ઈન ઈન્ડિયા થી મેક ફોર વર્લ્ડ તરફ વળીને આત્મનિર્ભર ભારત બનાવવા વર્તમાન સરકાર ગુણવત્તાસભર શિક્ષણ તથા વ્યવસાયીક તાલીમ પર વ્યાપક ભાર આપી રહી છે. યુવાનોમાં તાલીમ પૂરી પાડવાના હેતુ સાથે ૨૦૧૪માં સ્કીલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રેન્યુરશિપ નામના ખાસ મંત્રાલયની રચના કરાઈ હતી. દેશભરમાં સ્કીલ વિકાસ કાર્યક્રમો પર આ મંત્રાલય ખાસ ધ્યાન આપે છે. સ્કીલ વિકાસને પ્રોત્સાહન આપવા પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજના, નેશનલ સ્કીલ ઈન્ડિયા મિશન, નેશનલ પોલિસી ઓન સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યુરશિપ જેવી વિવિધ સ્કીમ્સની રચના કરવામાં આવી છે. દેશમાં સ્કીલની રહેલી ઊણપને દૂર કરવા શિક્ષણ સાથે તાલીમ માટે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦માં ભાર અપાયો છે.

વિવિધ સ્કીમ્સ હેઠળ ટાર્ગેટ પણ નિશ્ચિત કરાયેલ છે. લાંબા તથા ટૂંકા ગાળાની તાલીમ પૂરી પાડી દર વર્ષે એક કરોડ યુવાનોને રોજગાર માટે લાયક એવી સ્કીલ્સ પૂરી પાડવાના હેતુ સાથે જુલાઈ ૨૦૧૫માં નેશનલ સ્કીલ ઈન્ડિયા મિશનની રચના કરવામાં આવી હતી. જો કે છેલ્લામાં છેલ્લા પીરિયોડિક લેબર ફોર્સ સર્વે પ્રમાણે, માત્ર ૧૩.૮૦ ટકા જેટલા જ ભારતીય યુવાનોને વ્યવસાયીક તાલીમ મળી છે, જેમાં ૪.૧૦ ટકાને સંગઠીત ધોરણે જયારે ૯.૭૦ ટકાને અસંગઠીત રીતે તાલીમ મળી છે. કોરિઆ જેવા ટચૂકડા દેશમાં રોજગાર લાયક યુવકોમાંથી ૯૦ ટકા યુવકો વ્યવસાયીક તાલીમ સાથે સજ્જ છે. જર્મનીમાં આ આંક ૭૫ ટકા છે જયારે અમેરિકામાં ૫૦ ટકા છે. આ સ્તરે પહોચવા માટે ભારતે હજુ ઘણું કરવાનું બાકી રહે છે, એમ કહીશું તો ખોટું નહીં ગણાય.

દેશમાં વ્યવસાયીક તાલીમ સાથેના યુવાનોની નીચી ટકાવારીને જોતા સરકાર દ્વારા સ્કીલિંગ સ્કીમ્સના પરિણામો કેવા રહ્યા છે, તે સંદર્ભમાં પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. ખાસ કરીને તાલીમ મેળવ્યા બાદ તેમને રોજગાર મળી રહ્યા છે ખરા અથવા તો તેમને અપાયેલી તાલીમ ઉદ્યોગોની વર્તમાન જરૂરિયાત પ્રમાણે છે ખરી એવા અનેક પ્રશ્નો થઈ રહ્યા છે. પીરિયોડિક લેબર ફોર્સ સર્વે ૨૦૨૦-૨૧ના ડેટા પ્રમાણે, ૧૫થી ૨૯ વર્ષની વય જુથના અંદાજે ૩૦.૧૦ કરોડ યુવાનોમાંથી જે ૧૩.૮૦ ટકા યુવાનોને વ્યવસાયીક તાલીમ મળી છે, તેમાંથી ૩૩ ટકા કરતાથી પણ ઓછાને સંગઠીત અથવા વિધિસર તાલીમ પ્રાપ્ત થઈ છે. જયારે બાકીના યુવાનો અવિધિસર રીતે એટલે કે પરિવારના સભ્યો મારફત અથવા પોતે જાતે શીખી ગયા હોય અથવા તો રોજગાર કરતા કરતા તાલીમ લીધી હોય તેવા છે. તાલીમનો પ્રશ્ન છે ત્યાંસુધી દેશમાં યુવાનો તથા યુવતિઓ વચ્ચે ખાસ ભેદભાવ દર્શાવાતો નથી. વિધિસર રીતે તાલીમ મેળવેલાની કુલ સંખ્યામાં ૫૬ ટકા યુવાનો છે તો યુવતિઓની સંખ્યા ૪૪ ટકા રહે છે. જો કે અવિધિસરની તાલીમમાં આ તફાવત મોટો છે. આમાં યુવાનોની સંખ્યા ૭૦ ટકા છે જયારે યુવતિઓની ૩૦ ટકા છે. જો કે તેમના વર્ક પાર્ટિસિપેટરી રેટમાં ભારે તફાવત જોવા મળે છે. વિધિસર તાલીમ મેળવી ચૂકેલા યુવાનોમાંથી ૫૨.૭૦ ટકાને રોજગાર મળી રહ્યાનું સર્વે રિપોર્ટમાં નોધવામાં આવ્યું છે. ૨૩.૮૦ ટકા યુવાનો ઉચ્ચ શિક્ષણ માટે લેબર ફોર્સની બહાર નીકળી ગયા હતા. બીજી બાજુ વિધિસરની તાલીમ લીધા બાદ રોજગારમાં જોડાઈ હોય તેવી યુવતિઓની સંખ્યા ૨૭.૨૦ ટકા જણાઈ હતી જયારે ૬૦ ટકા યુવતિઓ ઘરકામ માટે રોજગાર બજારમાંથી દૂર થઈ ગઈ હતી.

આમ દેશમાં તાલીમ વગરની જ નહીં પરંતુ તાલીમ મેળવી ચૂકેલી યુવતિઓનો પણ લેબર પાર્ટિસિપેશન દર ઘટી રહ્યો છે. આઈટીઆઈસ, સ્કીલ કેન્દ્રો તથા શાળાઓમાં બાળકોને તાલીમ પૂરી પાડવા અસંખ્ય અભ્યાસક્રમો છે પરંતુ પ્રાપ્ત આંકડા પર નજર નાખતા જણાયછે કે જે લોકોએ તાલીમ લીધી છે, તેમાંથી પચાસ ટકા આઈટી/ આઈટીઅનેબલ્ડ સર્વિસીઝ, ટેકસટાઈલ્સ/ હેન્ડલુમ અને ઈલેકટ્રિકલ/ઈલેકટ્રોનિક્સ આ ત્રણમાંથી એક ક્ષેત્રમાં તાલીમ મેળવી હોય તેવા છે. આમછતાં આ ક્ષેત્રમાં યુવાનોનો બેરોજગારીનો દર અનુક્રમે ૩૧ ટકા, ૬.૭૦ ટકા અને ૩૬.૨૦ ટકા જોવા મળે છે જે આ ક્ષેત્રમાં પૂરવઠા પ્રમાણે પૂરતા રોજગાર ઉપલબ્ધ નહીં હોવાનું સૂચવે છે. ભારતની લોકસંખ્યાનો લાભ દેશમાં ઉપભોગ વધારવા માટે ઉઠાવવો હશે તોદેશમાં બેરોજગારી તથા આવકની સમશ્યાને ઝડપથી હાથ ધરવાની રહેશે. વિશાળ વસતિ ધરાવતા ભારતમાં જયાં દર વર્ષે અંદાજે એક કરોડ યુવાનો રોજગાર માટે બહાર પડે છે ત્યાં ઓટોમેશનના આક્રમણથી ગંભીર સ્થિતિ આકાર લઈ શકે છે. આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સને કારણે ઊભા થઈ રહેલા નવા પડકારોનો સામનો કરી શકે એટલી ક્ષમતા આપણી વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં જોવા મળતી નથી.

## સમસ્ત આદિવાસી સમાજ SAS ચીખલી વાવાઝોડા અસરગ્રસ્તોની વહારે, ભાવભીના દ્રશ્યો જોવા મળ્યા

**સિંણઘઈ-** સિંણઘઈ, વહેવલ, ડાંગને સહયોગ આપીને હવે પછી ચીખલી તાલુકાના મહદ અંશે હળપતિ સમાજના ફળિયાઓને ભારે નુકસાન થયું હતું. તા. ૦૫/૧૦/૨૦૨૫ અસર ગ્રસ્તો માટે અભૂતપૂર્વ કાર્ય અને યુવાનોનો ઉત્સાહ જોઈ આજે આંખમા આંસુ આવી ગયા. આટલી ઉંમરે યુવાન ની જેમ ગામે ગામ ફરતા ધનસુખભાઈ (રીટા. ડાયરેક્ટર એગ્રિકલ્ચર) કહે આ છોકરાઓ ને જોઈ થાક પણ ઉતરી ગયો ચીખલી તાલુકાની આજની સૌથી વધારે ઉત્સાહ જગાવતી વાત એ હતી કે આ કાર્યમા શ્રમદાન કરવા આવેલા યુવાનો નવસારી થી કમલેશભાઈ સાથે આવેલ આદિવાસી જનજાગૃતિ સમિતિ ની ટીમ, હળપતિ સમાજ સેવા મંડળ, જલાલપોર વિભાગની યતિનભાઇ લાઈબ્રેરી ની ટીમ, આદિવાસી સેવા ગૃપ એંધલ ગામ ની સાગરભાઈ ની



ટીમ, હળપતિસમાજ સેવા મંડળ ગણદેવી અને દેવધા ગણેશભાઈ ની જોહાર ટીમ, હળપતિ વિકાસ સંસ્કાર ચે. ટ્રસ્ટ ચીખલી ના રણછોડભાઈ ની ટીમ આજની ૧૪૫ જેટલા યુવાનો ની ટીમે ચીખલીતાલુકા ગામ મજીગામ ના દેરા ફળિયા, કલાનગર , છાપરા ફળિયા, ઘેરાકી ફળિયા, બાવરી ફળિયા, નવા નગર, નિશાળ ફળિયા, તેજલાવ ના લુહાર ફળિયા, ગામતળ , તલાવચોરા ના બામણ ફળિયા, દેસાઇ ફળિયા ના બાકી લોકો ૧૦ - ૧૧ જેટલા ફળિયાના સમાજના જરૂરિયાત પ્રમાણે લોકોને ૫૫૦ જેટલા પતરા, અનાજની કીટ, ધાબળાનુ વિતરણ કરવામા આવ્યુ ત્યારે કેટલાય પરિવાર ની આંખમાં હર્ષના આંસુ હતા. જે મદદ કરનાર સમાજ પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરતાં હતાં.

અલગ અલગ વિભાગની અલગ અલગ ટીમોની સાથે સંકલન કરી ૧૪૫ જેટલા યુવાનો ને કાર્ય મા જોડવાનુ અદભૂત કાર્ય ડો. ચેતનપટેલ, નવસારી એ કર્યુ. ડો. ચેતનભાઇના એક મેસેજથી સુરત હળપતિ સમાજના આગેવાનોએ પણ ૨૪ કલાકમા રૂ.૯૨૫૦૦ જેટલી અદભૂત રકમ એકઠી કરી ડો. ચેતનભાઈને રૂબરૂ પહોચાડી.જે સમસ્ત આદિ.સમાજને મળી જેનો ઉપયોગ ચીખલી તાલુકા ના બાકી રહેતા પરિવારો ને મદદરૂપ થવા ઉપયોગ થશે. સુરત હળપતિસમાજ હના આગેવાનોનો ખૂબ ખૂબ આભાર... સૌ લાભાર્થી ની ઝીણવટભરી તપાસ કરી જરૂરિયાતમંદને લાભ મળે એ માટે રણછોડભાઈ અને એમની ટીમ દ્વારા સરસ લીસ્ટ બનાવી આયોજન કરવામા આવ્યુ અને શ્રમદાન કરનાર યુવાનો માટે ભોજનની વ્યવસ્થા કરવા બદલ ખૂબખૂબ આભાર... વિતરણ બાદ ... હોન્ડ ગામ, ચીમલા, તેજલાવના બાકી ફળિયા, મલિયાધરા, બારોલિયા, ફળિયામા જાતે ફરી ડો. ચેતનપટેલ, કમલેશભાઈ , રણછોડભાઈ, ધનસુખભાઈ સાથે અસરગ્રસ્ત લોકોની મુલાકાત કરવામા આવી ... અત્યાર સુધી મદદની સમીક્ષા કરવામા આવી. જ્યા મદદ નથી પહોચી ત્યા અને જયાં વધારે જરૂર છે. એવા પરિવારને મદદ કરવાનુ આયોજન કરવામા આવ્યુ.

### સિણધઈ ગામની મદદ એ

## અનાવલ અને સિણધઈ ગામ ના મુસ્લિમ સમાજ ના તરફથી ૧૧૬ ઘરોને અનાજ ની કુટ અને બ્લેન્કેટ વિતરણ કરવામાં આવ્યું



**ભીખુભાઈ પટેલ, મહુવા-** અનાવલ મુસ્લિમ સમાજ ના આગેવાન સોહેલભાઈ સિદીકભાઈ ચોરાવાલા, કાદરભાઈ શેખ, અનાવલ હાઈસ્કૂલ ના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સી. આર. પટેલ સાહેબ અને સિણધઈ ગામ ના મૌ. સાજીદ, મૌ. રઈશ તેમજ ગામ ના આગેવાનો સાથે હાજર રહી કીટ વિતરણ કરી માનવતા નું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું

### બીલીમોરા આઇ. ટી. આઇ. ખાતે કૌશલ દીક્ષાંત સમારોહ ની ભવ્ય ઉજવણી

## ૧,૭૧૯ તાલીમાર્થીઓને એનાયત કરાયા National Trade Certificate

### ઉદ્યોગજગતના પ્રતિનિધિઓની વિશિષ્ટ ઉપસ્થિતિમાં ઉજવાયો ગૌરવભર્યો ક્ષણ

નવસારી - બીલીમોરા આઇ.ટી.આઇ. ખાતે તા. ૪ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ ૪ મો કૌશલ દીક્ષાંત સમારોહ (Skill Convocation Ceremony) ભવ્ય રીતે ઉજવાયો હતો. Director General of Training, Ministry of Skill Development and Entrepreneurship, ભારત સરકારના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમના અનુસંધાને બીલીમોરા આઇ. ટી. આઇ. માં વર્ષ ૨૦૨૫ માં ઉત્તીર્ણ થયેલા કુલ ૧,૭૧૯ તાલીમાર્થીઓને નવસારી તથા વલસાડ જિલ્લાના ઉદ્યોગજગત ના પ્રતિનિધિઓના હસ્તે National Trade Certificate એનાયત કરવામાં આવ્યા હતા. સમારોહમાં HLE Glasscoat Ltd., Pidilite Industries Ltd., Shrinath KIA Surat, Aspee Agro Pvt. Ltd.તથા Balaji Wafers Pvt. Ltd. જેવી પ્રતિષ્ઠિત કંપનીઓના પ્રતિનિધિઓ



ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના આચાર્ય શ્રી પી. એસ. પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે તાલીમાર્થીઓની મહેનત અને લગનના પરિણામે આજે સંસ્થા ગૌરવ અનુભવે છે. બીલીમોરા આઇ. ટી. આઇ. ટેકનિકલ કુશળતા સાથે જીવનમૂલ્યો, શિસ્ત અને ટીમવર્કના સંસ્કાર આપતી સંસ્થા તરીકે ઉભરી આવી છે. સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષમાં ૯૪.૦૪ ટકા પરિણામ, ૮૫ ટકા એપ્રેન્ટીસ લક્ષ્યાંક સિદ્ધિ, ૭૫ ટકા પ્લેસમેન્ટ સાથે રાજયની શ્રેષ્ઠ સંસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન HLE Glasscoat Ltd. ના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી રાજેશ લાડે તથા Pidilite Industries Ltd. ના સિનિયર મેનેજર શ્રી ગજાનંદ કામતે તાલીમાર્થીઓને ટેકનોલોજી સાથે અપડેટ રહેવા અને રોજિંદા અનુભવોમાંથી શીખવાની પ્રેરણા આપી હતી. સમારોહમાં ભૂતપૂર્વ તાલીમાર્થીઓ મિરલ બી. પટેલ અને ધ્રુવિજ્ઞા પી. પટેલે પોતાની સફળતાગાથા રજૂ કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અંતે આચાર્ય (વર્ગ-૨) શ્રી ટી.પી. પટેલે આભાર વિધિ વ્યક્ત કરીને કાર્યક્રમનું સમાપન જાહેર કર્યું હતું.

### સરસ મેળો- ૨૦૨૫-સુરતઃ સપનાની ઉડાન

## દાદરા નગરહવેલીના દૂધની ગામના આદિવાસી પરિવારે વારલી આર્ટથી આત્મનિર્ભરતા અને સ્વદેશીની ભાવનાને આપી નવી ઉંચાઈ

### સર્જનાત્મક કલાકૃતિઓથી વોકલ ફોર લોકલને અનુસરી બન્યા પગભર

### વારલી આર્ટ દ્વારા સ્વદેશી સંસ્કૃતિ, પરંપરા અને રોજગારીનું અનોખું સંમિશ્રણ

### અમે વિદેશી વસ્તુઓ નહી, પરંતુ ગામની માટી, સંસ્કાર અને હસ્તકૌશલ્યથી બનેલી વસ્તુઓ બનાવી રહ્યા છીએઃ વિનુભાઇ કાલુભાઈ ભાવર



**વલસાડ, કિરણ પટેલ -** સુરતમાં અડાજણ ખાતે આયોજિત સરસ મેળામાં દાદરા નગર હવેલીના સેલવાસ તાલુકાના દૂધની ગામથી આવેલા વારલી આર્ટની વિવિધ કલાકૃતિઓ બનાવતા પરિવારે સ્વદેશી કલા અને આત્મનિર્ભરતાનું પ્રતિક બની સૌનું ધ્યાન ખેચ્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ૩વોકલ ફોર લોકલ ના આહવાનને હકીકતમાં ઉજાગર કરતા ભાવર પરિવારે પરંપરાગત વારલી પેઇન્ટિંગ કલા વડે પોતાની ઓળખ બનાવી છે.

વારલી આર્ટ કલા અને કૌશલ્યની કૃતિ-પ્રતિકૃતિ, સ્થાનિક સંસ્કૃતિ, માનવજીવન અને મનોભાવનું ચિત્રણ કરે છે. પાંચ સભ્યો ધરાવતા ભાવર પરિવારે છેલ્લા ઘણા વર્ષોથી વારલી આર્ટ દ્વારા રોજગારીનું સાધન ઉભું કર્યું છે. ગાયના ગોબર, માટી, કુદરતી રંગો અને કાગળ જેવા સ્વદેશી સાધનો વડે તૈયાર થતી આ કૃતિઓ ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિનો જીવંત અરીસો છે. તેઓ દીવાલ ચિત્રો, લેમ્પ શેડ, ગિફ્ટ આઇટમ્સ, વોલ હેંગિંગ અને ટેબલ ડેકોર જેવી આકર્ષક વસ્તુઓ બનાવી દર મહિને રૂ.૩૦,૦૦૦ જેટલી આવક મેળવી રહ્યાં છે.

પરિવારના સભ્ય વિનુભાઇ કાલુભાઈ ભાવર જણાવે છે કે, અમે વિદેશી વસ્તુઓ નહીં, પરંતુ ગામની માટી, ગ્રામ્યજીવનના સંસ્કાર અને હસ્તકૌશલ્યથી બનેલી ચીજવસ્તુઓ બનાવી રહ્યા છીએ. સરકારના સહયોગથી અમને મેળા અને પ્રદર્શનોમાં ભાગ લેવાની તક મળી છે, જેના કારણે અમારી કૃતિઓને વધુ વ્યાપક મંચ મળ્યો છે. મેળામાં આવેલા લોકોનો પ્રોત્સાહક પ્રતિસાદ અમને નવી ઉર્જા પૂરી પાડે છે. આજના યુગમાં પણ સ્વદેશી હસ્તકલા પ્રત્યે લોકો આકર્ષિત થઈ રહ્યા છે.

આ પરિવારે માત્ર પરંપરાગત કલા જાળવી નથી રાખી, પરંતુ નવી પેઢીને વારલી આર્ટ શીખવાડી સ્વદેશી રોજગારીનું માર્ગદર્શન પણ આપ્યું છે. તેમના ઘરની દીકરીઓ અને ગામની અન્ય યુવતીઓ પણ આજે વારલી આર્ટથી આત્મનિર્ભર બની રહી છે.

દાદરા નગર હવેલીનો આ કલાકાર પરિવાર પરંપરાગત કલાને આધુનિક માર્કેટ અને સરકારના પ્રોત્સાહન થકી સ્વદેશી કલાને નવી ઉંચાઈ બક્ષી રહ્યો છે, સાથોસાથ દેશના વિકાસ અને આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવામાં પણ યોગદાન આપી રહ્યો છે.

### દિવાળી, છઠ્ઠ અને બિહાર ચૂંટણીને લઈ સુરત પોલીસનું 'એલર્ટ'

## એક્શન પ્લાન મુજબ પોલીસ ત્રણ શિફ્ટમાં તૈનાત, ઉધના રેલવે સ્ટેશન પર CCTV ઉપરાંત ડ્રોન સર્વેલન્સથી ક્રાઉડ મેનેજમેન્ટ કરાશે



સુરત- સુરત શહેરમાં રહેતા લાખો પરપ્રાંતીય લોકો માટે દિવાળીનો તહેવાર, પવિત્ર છઠ્ઠ પૂજા અને ખાસ કરીને બિહાર વિધાનસભાની ચૂંટણી દરમિયાન એકસાથે વતન જવા માટે નીકળે છે. આ સમયે રેલવે સ્ટેશનો પર ભારે ભીડ જામવાની શક્યતા છે. આ સંભવિત ધસારાને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ અને રેલવે પોલીસે ઉધના રેલવે સ્ટેશન પર કોઈ ભાગદોડની ઘટના ન બને તે માટે એલર્ટ જાહેર કરીને વિશેષ એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

સામાન્ય રીતે દિવાળી અને છઠ્ઠ પૂજા દરમિયાન જ સુરતથી યુપી-બિહાર તરફ જતા મુસાફરોની સંખ્યામાં મોટો ઉછાળો આવે છે. ગત વર્ષે માત્ર એક જ દિવસમાં ૬૦,૦૦૦ જેટલા લોકો ઉધના રેલવે સ્ટેશન પર પહોંચી ગયા હતા પરંતુ, આ વર્ષે તેમાં બિહાર વિધાનસભાની ચૂંટણી પણ જોડાઈ છે, જેના કારણે મતદારોની સંખ્યામાં જબરદસ્ત વધારો થવાની સંભાવના છે. આ ટ્રિપલ ધસારાને કાબૂમાં લેવા માટે ક્રાઉડ મેનેજમેન્ટની ખાસ રણનીતિ તૈયાર કરવામાં આવી છે. આ ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા માટે ડીસીપી ડો. કાનન દેસાઈ અને સ્થાનિક પીઆઇ દ્વારા સ્થળની મુલાકાત લેવામાં આવી હતી

DATE-07/10/2025
TUESDAY

# વોઈસ ઓફ આદિવાસી

ગુજરાતી સાપ્તાહિક (નવસારી)

VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

## સોનગઢ બોરદા બસ રેગ્યુલર શરૂ કરવા વિદ્યાર્થીની ઓની માગ

# ગત દિવસ અગાઉ મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ હતી

**ગણેશ મરાઠે, સોનગઢ -** હિન્દુસ્તાન પુલ પર થી ભારે વાહનો.ની અવર જવર પર જે તે સમયે પ્રતિબંધ મૂકાયો હતો. ઉકાઈ તાલુકાના છેવાડે આવેલ બોરદા સોનગઢ રૂટ પર ચાલતી બસ છેલ્લા ધણા સમયથી બંધ હોવાના કારણે વિદ્યાર્થી ઓ સહિત કામ ધંધા અર્થે તેમજ ઈમરજન્સી સેવામાં હોસ્પિટલમાં અવરજવર કરવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે જેને લઇ ગત દિવસો અગાઉ જાગૃત નાગરિક ગણેશ વસાવા દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મામલતદારને આવેદનપત્ર આપી બસ સેવા શરૂ કરવા માંગ કરાઈ હતી.

આ આવેદન માં જણાવ્યુ હટુ કે બોરદા સોનગઢ બસ છેલ્લા ત્રણ મહિનાથી બંધ હોવાને કારણે વિદ્યાર્થીઓ સહિત લોકો ને ધણી જ મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે. દરરોજ મુસાફરો ને આવવા જવામાં ધણી અગવડ પડતી હોય છે વિદ્યાર્થીઓ ને યોગ્ય સમય પર સ્કૂલ પર આવા જવા માટે સમય પર પહોચતું નથી તેમના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યું હોય એવું માલૂમ પડી રહ્યું છે. રૂટ પર એકજ બસ આવતી હોવાથી યોગ્ય સમય પર સ્કૂલ તેમજ ઘર પર પહોચતું નથી સવારે ભૂખ્યા પેટે વિદ્યાર્થીઓ સ્કૂલ માં અભ્યાસ કરવા માટે જાય છે. ત્યારે ઘરે જવા માટે સાંજે ૬:૩૦ ની બસ સોનગઢ થી ઊપડે છે. ઘરે પહોચતા રાતના ૮ થી ૯ વાગી જાય છે તેના કારણે તેઓ ના આરોગ્ય તેમજ અભ્યાસ ને અસર પડે છે. ભૂખ્યા પેટે આખો દિવસ વિદ્યાર્થીઓ પસાર કરે છે. તેમજ સમય ના અભાવે તેઓ અભ્યાસ કરી શકતા નથી બીજી બાજુ અન્ય લોકો સમય પર ઘરે પહોચતું ના હોવાથી ઘણી હાલાકી ભોગવવી પડે છે બીજી બાજુ બીમાર લોકો માટે હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં કે જવા આવામાં ઘણી જ તકલીફનો સામનો કરવા પડતો હોય છે છેલ્લા ત્રણ મહિનાથી મુસાફરો સહિત પુલ પાર કરવા પગપાળા અવરજવર કરવું પડી રહ્યું છે.



જે ખુબજ ગંભીર સમસ્યા કહી શકાય છે. નોકરી કે કામ ધંધે રોજ અવર જવર કરતા લોકો ને પણ સમય સર ઘર પહોચવા માં મુશ્કેલી નો સામનો કરવા પડતો હોય જે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે બોરદા રૂટ પર જવા માટે એકજ બસ પૂલ પર મૂકવામાં આવેછે જે યોગ્ય સમયે રિપેરિંગ કે ચકાસણી થતી નથી કે ધ્યાન આપવામાં આવતું નથી. તે ગંભીર બાબત છે રોજ ઘાટ સેક્શન માં થી બસ ને પસાર થવું પડતું હોય છે. યોગ્ય વાહન ન હોવાને કારણે અકસ્માત થવાની શક્ય તા વર્તાતી હોય છે. ત્યારે એકજ બસ માંડવી રૂટ પર પણ મોકલવામાં આવે છે તેના કારણે બોરદા વિસ્તારમાં થી આવતા મુસાફરોને જવા આવા માટે રાહ જોવી પડે છે. તેમજ સમયસર તેઓ ને પહોચતું નથી છતાં આ બાબત પર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી ખાસ બાબત કે બોરદા વિસ્તાર મોટો હોવા થી મુસાફરોની સંખ્યા વધારે હોઈ છે. તેના માટે આ એક બસ પૂરતી સાબિત નથી થઈ રહી ઘણા મુસાફરો કે વિદ્યાર્થીઓ ને બસ માં ગીચોગીચ થઈ ઘરે જવા માટે ૫૦ કિલોમીટર ના અંતરે જવા માટે બસ સિવાય કોઈ અન્ય વાહન મળતું નથી.

એવા અંતરિયાળ વિસ્તારમાં ૩૦ થી ઉપર ગામો આવેલા હોય તેના પેસેન્જર પણ વિસ્તાર ના વધુ પ્રમાણમાં મુસાફરી કરતી હોય છે છતાં પણ આ રૂટ પર એકજ બસ ફાળવવામાં આવેલ છે. જે પૂરતું નથી તે માટે અમે માંગણી કરીએ છે કે રાબેતા મુજબ આ રૂટ પર બસ નું અવર જવર ચાલુ કરવામાં આવે હિંદુસ્તાન પુલ બ્રિજ જે બંધ રાખવાની મુદ્દત પણ પૂરી થઈ ગઈ હોવાથી તેન પણ અવર જવર શરૂ કરવા માટે મંજૂરી મળે તેની માગ સાથે મોટી સંખ્યામાં ભેગા થઈ થોડા દિવસ અગાઉ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમ છતાં કોઈ નિરાકરણ નહી આવતા વિદ્યાર્થીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

## સોનગઢમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વિજયાદશમી અને શતાબ્દી ઉત્સવનો ભવ્ય કાર્યક્રમ



**ગણેશ મરાઠે, સોનગઢ -** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસર અને વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે તા. ૪ ઓક્ટોબર ૨૦૨૫, શનિવારના રોજ સોનગઢ નગર ખાતે સાર્વજનિક હાઈસ્કૂલના મેદાનમાં પથ સંચલન તથા ઉત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મહામહિમ બહુચરા માતા કિન્નર સમાજની માનનીય મમતા માસી પધાર્યા હતા, જયારે મુખ્ય વક્તા તરીકે ગુજરાત પ્રાંત પ્રૌઢ પ્રમુખ શ્રી પ્રકાશજી મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં નગરના આમંત્રિત મહેમાનો તથા મોટી સંખ્યામાં સ્વયંસેવક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોનું ફૂલવર્ષા કરી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ભવ્ય આયોજન દ્વારા સંઘના શતાબ્દી વર્ષના આરંભને ઉત્સાહપૂર્ણ રીતે ઉજવવામાં આવ્યો હતો.

# ખેરગામ દશેરા ટેકરી ગાંધીસર્કલ ૨ ઓક્ટબરે ગાંધી જયંતિ નિમિતે કોગ્રેસ સમિતિ દ્વારા હારતોરા કરી

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી

**ખેરગામ-** ખેરગામ દશેરા ટેકરી ખાતે સ્થાપિત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને આ વર્ષે ૨ ઓક્ટોબર ગાંધી જયંતિના પાવન અવસરે માત્ર કોગ્રેસ સંગઠનના કાર્યકરોએ હાજરી આપી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. શાસક પક્ષ તરીકે ખેરગામ તાલુકા પંચાયત ક્ષેત્રમાં ભાજપની સક્રિય ભૂમિકા હોવા છતાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમા પર શ્રદ્ધાંજલિ આપવાનું ભૂલાઈ જવું ગામજનોમાં વ્યાપક ચર્ચાનો વિષય બન્યું છે.



માહિતી મુજબ, ભાજપ સંગઠનના કેટલાક નેતાઓ ટેલિફોનિક વાતચીતમાં અન્ય સામાન્ય ચર્ચાઓમાં વ્યસ્ત રહ્યા હોવાથી આ કાર્યક્રમ માટે પૂરતી તૈયારી થઈ ન શકી હોવાનું માનવામાં આવે છે. પરિણામે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવાનું મહત્વપૂર્ણ કાર્ય અવગણાઈ ગયું. જે બાબત સ્થાનિક સ્તરે ચર્ચાનો કેન્દ્ર બની છે.

# ડાંગ જિલ્લાના દાવદહાડ ગામમાં ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ ની તાલીમ યોજાઈ

**આહવા:**ડાંગ જિલ્લાના આહવા તાલુકાના હનવતચોડ ક્લસ્ટરમાં સમાવિષ્ટ દાવદહાડ ગામમાં ખેડુત માસ્ટર ટ્રેનર દ્વારા ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામોની વિસ્તૃત સમજણ આપવામાં આવી રહી છે. ખાસ કરીને જીવા મૃત, ઘન જીવામૃત, બીજા મૃત જેવી જૈવિક દવાઓની બનાવટ અને તેનો ઉપયોગ, પાક માટે અનુકૂળ પદ્ધતિઓ, સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ કુદરતી કીટક નિયંત્રણના ઉપાયો, તેમજ પ્રાકૃતિક રીતે પાકની ઉપજ વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




કૃષિ તાલીમ દરમિયાન ખેડૂતોને રાસાયણિક ખાતર અને દવાઓના વધતાં ખર્ચ માંથી રાહત મળવા અંગે જાણકારી આપવામાં આવી હતી. સાથે સાથે જમીનની ઉત્પાદન શક્તિ જાળવી રાખવા, પાણીના સંરક્ષણ માં પ્રાકૃતિક પદ્ધતિની ભૂમિકા તથા ખેડૂત પરિવારના આરોગ્ય માટે રસાયણ મુક્ત ખેતીની આવશ્યકતા વિષયક માહિતી પણ આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની આ તાલીમોમાં ભાગ લેનારા ખેડૂતોને જીવા મૃત તથા વિવિધ પ્રાકૃતિક દ્રાવણ તૈયાર કરવાની પ્રેક્ટિકલ કામગીરી પણ કરાવવામાં આવી રહી છે જેથી તેઓ પોતાના ખેતરમાં આ પદ્ધતિ તરત જ અમલમાં મૂકી શકે.

ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક તાલીમમાં ડાંગ જિલ્લાના દરેક તાલુકામાં ખેડૂતો આ તાલીમમાં ઉત્સાહ પૂર્વક જોડાઈ રહ્યા છે અને પરંપરાગત ખેતી માંથી પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે હકારાત્મક પ્રતિ સાદ આપી રહ્યા છે.

## આદિવાસી વિસ્તારમાં પૂજય વેદપાથીજી મહારાજે સનાતન ધર્મ નો ધ્વજ લેહરાવ્યો છે-પ્રફુલભાઇ શુક્લ



**નાંધઈ-** નાંધઈ ના વેદાંશ્રમ માં આજે બ્રહ્મલિન દયાનંદવેદ પાથીજી મહારાજ નો ૧૧ મો નિર્વાણ દિન ઉજવાયો હતો અરવિંદભાઈ પટેલ નારણપોર જલારામ મન્દિરેથી ભવ્ય શોભા યાત્રા નીકળી હતી આપ્રસંગે કૈલાશપુરી મહારાજ ચાંદોદ, મહામંડળેશ્વર સ્વામી વારણસી, કથાકાર પ્રફુલભાઇ શુક્લ, કથાકાર છોટે મોરારીબાપુ, સન્તો, મહાત્માં ઓ, આચાર્ય કશ્યપભાઈ જાની અને વિશાલ સઁખ્યામાં સનાતન ધર્મી ભાઈ બેહનો જોડાયા હતા, ઉદબોધન કરતા પ્રફુલભાઇ શુક્લ એ કહ્યું હતું કે આપણા આદિવાસી વિસ્તાર માં સનાતન ધર્મ નો ધ્વજ લેહરાઈ રહ્યો છે એનો યશ પૂજય વેદ પાઠી જી મહારાજ ને ફાળે જાય: છે ઉપસ્થિત વક્તા ઓ એ પૂજય વેદ પાઠી જી મહારાજ ના જીવન કવન નું સ્મરણ કર્યું હતું વેદ આશ્રમ નાસંચાલક રતિલાલ પટેલે અને ટ્રસ્ટી ઓ એ મેહમાનો નું સ્વાગત કર્યું હતું, હજારો ભક્તો ને ભોજન પ્રસાદ અપાયો હતો નંદલાલ પટેલ ભાભા એ આભાર વિધિ કરી હતી.

## ચીખલીના વિવિધ માર્ગો અને સરકારી કચેરીઓના પરિસરમાં

# મશીનરી તથા ટીમની મદદથી સફાઈ અને જંગલ કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી

**નવસારી-**વરસાદી સીઝન પૂર્ણ થતાં નવસારી જિલ્લામાં જાહેર સુરક્ષા અને વાહન વ્યવહાર સુગમ બનાવવા હેતુથી નવસારી જિલ્લાના (માર્ગ અને મકાન) પેટા વિભાગ, ચીખલી દ્વારા માર્ગો તથા સરકારી મકાનોની આસપાસ જંગલ કટીંગની વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી છે.

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ચીખલી, ફડવેલ, ઢોલુંબર, ઉમરકુઈ માર્ગ, રાનકુવા રાનવેરીકલલા રાનવેરીખુર્દ, ખરોલી, અનાવલ માર્ગ, તેમજ પીપલગભાણ, આમધરા, મોગરાવાડી, રૂમલા માર્ગ સહિતના વિવિધ માર્ગો અને ટ્રેઝરી ઓફિસ ચીખલી વિસ્તારમાં મશીનરી તથા ટીમની મદદથી સફાઈ અને જંગલ કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી હેઠળ રસ્તાના કિનારે અને સાઇડ સોલ્ડર પર ઊગી આવેલા ઝાડ, ઘાસ, ઝાડપાન તથા અન્ય અવરોધક તત્વોને દૂર કરવામાં આવી રહ્યા છે, જેથી માર્ગ વધુ ખુલ્લો કરી




વાહન વ્યવહાર દરમિયાન દૃશ્યતા વધે અને અકસ્માતની સંભાવના ઘટે. આ કામગીરી સતત તબક્કાવાર રૂપે ચાલુ રહેશે જેથી ચિખલી સહિત સમગ્ર નવસારી જિલ્લાના માર્ગો સ્વચ્છ, સુરક્ષિત અને અવરજવર માટે સુલભ બને.

**વિવિધ માર્ગો અને ટ્રેઝરી ઓફિસ ચીખલી વિસ્તારમાં મશીનરી તથા ટીમની મદદથી સફાઈ અને જંગલ કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.**

## ચઢાવ ગામેથી ૧૦ ફૂટ લાંબો અને ૧૫ કિલો વજનનો મહાકાય અજગર રેસ્ક્યુ કરવામાં આવ્યો એનીમલ સેવિંગ સોસાયટી દ્વારા

ચોમાસાની પૂર્ણતાની સાથે જ ખેડૂતો દ્વારા ડાંગરની કાપણી શરૂ કરી દેવામાં આવી ખેતરમાં વિશાળ અજગરો દેખતા આ જ સમયમાં અજગરો ડાંગરના પાકના ખેતરમાં જોવા મળતા હોય છે જેને લઇ ચઢાવ ખાતે રમેશભાઈ બહાદુરભાઇ પટેલના ચઢાવ નિશાળ ફળિયામા ખેતરમાં ડાંગર કાપતી વખતે વિશાળ અજગર દેખાતા એનિમલ સોસાયટીના સભ્ય વિનોદ ગોસ્વામીને ફોન કરતા રવિ ચૌધરી સાથે અજગરને રેસ્ક્યુ કરવામાં આવ્યો અજગરને



સલામત લાવી પાછળ જંગલમાં છોડવાનો આવ્યો છે

## મુલેરગામની ચોગલે સોલ્ટ કંપનીમાંથી બે બાળ મજૂરોને મુક્ત કરાવ્યા



એન્ટી હ્યુમન ટ્રાફિક ઇન યુનિટ દ્વારા ગઈ તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ વાગરા તાલુકાના મુલેરગામ ખાતે આવેલ ચોગલે સોલ્ટ વકર્સ પ્રા.લિ. કંપનીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અને કંપનીમાં ઢગલામાંથી મીઠું ઉતારવાનું કામ કરતા ઉત્તર પ્રદેશના ૧૬ વર્ષના સગીર તથા મીઠાના પેકેટ બનાવતા ઉત્તર પ્રદેશના ૧૭ વર્ષના સગીરને બાળમજૂરીમાંથી મુક્ત કરાવ્યા હતા. કંપનીના ડાયરેક્ટર પંકજ મહાવીર પ્રસાદ તોડી (રહે- આંગન એન્ક્લેવ, ઝાડેશ્વર, ભરૂચ) સામે ફરિયાદના આધારે વાગરા પોલીસે બાળમજૂર પ્રતિબંધ અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- SHAILESHKUMAR VALLABHBHAI PATEL, PUBLISHED FROM-VOICE OF ADIVASI (WEEKLY)-NAVSARI. PATEL FALIYA, BARTAD (UNAI) VANSDA, DIST.-NAVSARI, GUJARAT.- PN.-396590, PRINTED BY-ASTAVINAYAK OFFSET, F.P.149, PLOT NO. 26, KHODIYAR NAGAR, NR. SHIDDHI VINAYAK MANDIR, (BHATHENA), H.SCO. ANJANA, SURAT, GUJRAT